ખેડૂતોનું એકમાત્ર દૈનિક અખબાર

# કૃષિ પ્રભાત

તંત્રી : રમેશ ભોરણિયા

તા. ૦૧-૦૨-૨૦૨૩ • બુધવાર • ૧૬ • RNI GUJGUJ/2006/18948 • krushiprabhat01@gmail.com

કૃષિ પ્રભાત
જાહેર ખબર આપવા માટે સંપર્ક કરો
કપીલ ખાદીકર
75671 33377

NIDHI® SEEDS
Seeds for farmer's prosperity

## ઉનાળુ વાવેતર નિધી બીજને સંગ...




### નિધી-311
**બ્લેક તલ**
- બીજને મશીન દ્વારા પટ (ULTIMA POWDER + VITAVEX)
- ૪ થી ૬નાં ઝૂમખામાં ફ્લાવરીંગ
- તલનાં દાણાં મોટા, વજનદાર અને બ્લેક
- ઝેડ બ્લેક કલર, એક્સપોર્ટ ક્વૉલિટી
- અન્ય જાત કરતાં વધારે બજાર ભાવ




### નિધી-211
**સફેદ તલ**
- ઉનાળુ વાવેતર માટે ઉત્તમ જાત
- બીજને મશીન દ્વારા પટ (ULTIMA POWDER + VITAVEX)
- તલનાં દાણાં મોટા, વજનદાર અને સફેદ
- છોડની ઊંચાઈ ૧૦૦-૧૧૦ સે.મી.
- ડાળીવાળો છોડ
- એક ડાળ પર સામે-સામે ઝૂમખામાં ૪ થી ૬ ડોડવા
- સૂકારા સામે આંશિક પ્રતિકારક જાત
- અન્ય જાત કરતાં વધુ ઉત્પાદન આપતી જાત




### નિધી-111
**સોટીયા તલ**
- સોટીવાળા તલ
- બીજને મશીન દ્વારા પટ (ULTIMA POWDER + VITAVEX)
- તલનાં દાણાં મોટા, વજનદાર અને સફેદ
- છોડ પર નીચેથી ઝૂમખામાં ૪-૬ ડોડવા
- સૂકારા સામે પ્રતિકારક જાત
- વધુ ઉત્પાદન આપતી જાત




### નિધી-સમ્રાટ
- ઘાટા લીલા રંગનો ૯ થી ૧૧ ડાળી વાળો છોડ
- વેલા રહિત
- ૩૦-૩૫ દિવસે ફુલ આવે
- ૬૦-૬૫ દિવસે શીંગો પાકે
- એક છોડ પર ૭૦ થી વધુ શીંગો બેસવાની ક્ષમતા
- શીંગમાં ૧૦-૧૨ દાણા
- મોટો, ઘાટા લીલા રંગનો ચમકતો દાણો જેથી વધારે બજારભાવ
- સુકારા અને મોઝેક વાયરસ સામે સહનશીલ જાત

**|| સર્ટિફાઈડ તલ બીજ : ગુજ.2, ગુજ.3, ગુજ.4, ગુજ.5 ||**

### અમારા અન્ય ઉત્પાદનો (ઉનાળુ પાક માટે)

**તલ બીજ** નિધી 311 (બ્લેક), નિધી 211, નિધી 111 (સોટીયા), નિધી 60 (અર્લી)
સર્ટિફાઈડ : ગુજરાત 2, ગુજરાત 3, ગુજરાત 4, ગુજરાત 5.

**મગ બીજ** નિધી સમ્રાટ, નિધી સમ્રાટ પ્લસ, નિધી 75
સર્ટિફાઈડ : ગુજરાત 4, ગુજરાત 6.

**અડદ બીજ** નિધી બ્લેક ગૉલ્ડ
સર્ટિફાઈડ : ટી 9, ગુજરાત 1, ગુજરાત 2.

**બાજરા બીજ** નિધી 1101

**ગમ ગુવાર** નિધી 777, નિધી 999

**ચોળી બીજ** નિધી હરિતા, સર્ટિફાઈડ : પુસા ફાલ્ગુની

RUTU CROP CARE PVT. LTD.

Plot No. 531/B, Road-G, Kishan Gate, Lodhika GIDC, Metoda-360 021- Dist. Rajkot (Gujarat)
Customer Care No.: 098244 82223, 094269 42254 E-mail : rutucropcare@gmail.com • Website : www.nidhiseed.com

Follow us on :

## ખેડૂત પ્રભાત



## દુષ્કાળના દવલા દિવસોની ઝલક...

વધુ માહિતી માટે જુઓ પાના નંબર ૦૬

## પ્રાકૃતિક ખેતી



## અંતઃકરણમાંથી અમૃત વહાવતી બહેનો કૃષિક્ષેત્રમાથી દૂર થવાથી ઉત્પાદન ઘટવા લાગ્યુ અને ઝેર ઉમેરાતુ ગયુ....

વધુ માહિતી માટે જુઓ પાના નંબર ૧૦








Indiagro
A certified product for Organic Agriculture

# એરંડાની ખેતી

- બિયારણને પટ આપવા માટે 50 મીલી. પાણી + ગ્રો મેજીક એડવાન્સ 50 ગ્રામ + Mi પ્રાઉડ 100 મીલી. + Mi સ્પ્રે. પ્લસ 25 મીલી. ઉપરોક્ત મિશ્રણ કરી એક એકરના બીજ ઉપર પટ આપવાથી ઉગાવો સારો થાય અને શરૂઆતનો મૂળનો વિકાસ સારો થાય.
- વાવણી પહેલા જમીન તૈયાર કરતા સમયે ભુઅસ્ત્ર સુપર 2 કિલો + ગ્રો મેજીક એડવાન્સ 100 ગ્રામ જમીનમાં એક એકરમાં આપવાથી શ્રેષ્ઠ ઉગાવો થાય, શ્રેષ્ઠ શરૂઆતની વૃદ્ધિ થાય.
- પાક ઉગ્યાના 30 દિવસ પછી જો ઈયળોનો ઉપદ્રવ પાકમાં જોવા મળે તો Mi વીર 30 મીલી. એક પંપમાં + Mi સ્પ્રે. પ્લસ 5 મીલી. આપવાથી એરંડામાં આવતી ઘોડીયા ઈયળ તથા લીલી કે લશ્કરી ઈયળનું સારુ નિયંત્રણ મળે છે.
- પાક 45 થી 50 દિવસ આસપાસનો થાય ત્યારે તેમાં આવતાં સુકારા નામના ફુગના રોગ માટે તથા ફૂલની સંખ્યા વધે અને ઉત્પાદન વધારવા માટે Mi પ્રાઉડ 2 મીલી. + ગ્રો મેજીક એડવાન્સ 1 ગ્રામ + Mi સ્પ્રે. પ્લસ 0.33 મીલી. પ્રતિ લીટર પાણીમાં છંટકાવ કરવાથી ઉત્કૃષ્ટ રીઝલ્ટ મળે છે.
- શ્રેષ્ઠ વૃદ્ધિ અને કીટ મુક્ત કવચ, સંક્રમણ મુક્ત ઉપજ માટે જરૂરીયાત મુજબ દર ૧૫ થી ૨૦ દિવસે છંટકાવની ભલામણ છે.




વધુ જાણકારી માટે નીચે આપેલા નંબર ઉપર સંપર્ક કરવો
૭૯૮૪૭૬૯૫૧૭(જૈમિન મેહતા)
આં પ્રોડક્ટ દરેક જાતના પાક માં વાપરી શકાય છે કેમકે ૧૦૦% પ્રાકૃતિક છે.






## ખેડુત ભાઈઓ માટે ખુશખબર

શું તમારા ખેતરમાં પાણીની તકલીફ છે?
શું તમારે તમારા ખેતર માં બોર અથવા કુવો બનાવવો છે?
આધુનીક થીડી જર્મન ટેકનોલોજી થી ચેક કરાવો,
ક્યાં પાણી વધારે છે, કેટલા ફુટે છે.



## બાલાજી બોટર


ઈલેક્ટ્રોનિક્સ મશીન

આ આધુનિક સમયમાં આધુનિક રીતથી જમીનની અંદર રહેલા પાણીને બહાર લાવવા માટે જર્મન ટેકનોલોજી આધારીત બોર તથા કુવાના ખાત્રીપૂર્વક નિશાન કરી આપવામાં આવશે તેમજ ઉંડાઈનું પણ માપ કાઢી આપવામાં આવશે.

નીચે આપેલા નંબર ઉપર તમારૂ નામ, ગામનું નામ તથા જીલ્લો લખી WHATSAPP કરો અથવા ફોન કરો.

મહેશભાઈ પટેલ

8 1 2 8 1 7 6 8 3 2





# હવામાન બગાડથી ધાણીમાં ઇયળનો એટેક...

વિતેલ શનિ-રવિ દરમિયાન હવામાન બગાડના વરવા પરિણામો ખેતરોના દરેક પાકમાં જોવા શરૂ થયા છે. જૂનાગઢ એટલે ધાણા વાવેતરનો ગઢ કહેવાય. વિસાવદરના રતાંગ ગામે ૫ વીઘા ધાણીના પાકમાં ખુદ ખેતી કરતાં કેતનભાઇ હરસુખભાઇ સાવલિયા (મો.૯૯૨૫૧ ૧૩૭૮૦) દવાનો છંટકાવ કરતાં પ્રગટ તસવીરમાં જોઇ શકાય છે. તેઓ કહે છે કે વાતાવરણમાં પલટો આવવાથી ધાણા-ધાણીના પાકમાં ઇયળનો એટેક જોવા મળ્યો છે. લગભગ ખેતરોમાં ધાણાનો પાક ૭૦ થી ૮૦ દિવસે પહોંચ્યો છે. ધાણીના પાકમાં સરસ મજાની ફૂલવાડી ખીલી છે, ત્યારે ઇયળને કાબૂમાં ન લઇએ તો ઉતારામાં ખાધ ઉભી કરે છે.

**તસવીરઃ મુકેશ લાખાણી (વિસાવદર)**

# ઉનાળું બાજરીઃ ઉતાવળ ન કરતાં, ઠંડી ઓસર્યે વાવેતર કરવું



● સામાન્ય રીતે ઉનાળું કે ખરીફ બાજરીના વાવેતરમાં બનાસકાંઠા જિલ્લો અવલ્લ નંબર પર...

**રમેશ ભોરણિયાઃ રાજકોટ**

આપણે મિલેટ્સ ઈયર ઉજવી રહ્યાં છે. બાજરી અને જુવાર મિલેટ્સ એટલે કે હલકા ધાન્ય વર્ગના પાક છે. આ બંને પાક આપણા બાપદાદાના વખતથી વાવીએ છીએ. શરીરના પોષણની દ્રષ્ટિએ સમજીએ તો બંને અગત્યના ખાદ્યાન્ન પાક હોવા સાથે એનું વેસ્ટ મહત્વનો પશુચારો પણ આપે છે. વિતેલ વર્ષ દરમિયાન બંને અન્ન જણસીની બજાર સપાટી ટકેલી ઉપરાંત પશુચારો પણ કિંમતી રહ્યોં છે.

આ વર્ષની ઉનાળું સિઝનમાં બાજરીનું વાવેતર ગત વર્ષની તુલનાએ વધેલું રહેશે. રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા નોંધાયેલ એપ્રિલ અંત સુધીના આંકડા મુજબ ૨૦૨૧માં ૨.૭૦ લાખ હેકટર વાવેતર થયું હતું, તે ૨૦૨૨માં ૪ ટકા જેવું વધીને ૨.૮૧ લાખ હેકટરે પહોંચ્યું હતું. આ વખતે ટકેલા ભાવને લીધે બાજરી ૩ લાખ હેકટરે પહોંચી જાય તો નવાઈ નહીં.

જામનગર ખાતે બાજરા સંશોધન કેન્દ્ર આવેલ છે. ત્યાંથી સહસંશોધન વૈજ્ઞાનિક ડો. એચ. એમ. ભુવા (સંપર્કઃ ૦૨૮૮-૨૭૧૧૭૯૩) ઉનાળું બાજરી વાવેતર માટે કેટલીક અગત્યની ભલામણ કરતાં કહે છે કે...

૦૧.ઠંડી ઓછી થયે અથવા ૧૫, ફેબ્રુઆરી થી ૧૫, માર્ચ દરમિયાન વાવેતર કરી શકાય છે.

૦૨. તાપમાન ૧૦ ડીગ્રીથી અપ અને વધુમાં વધુ ૪૪ ડીગ્રી વચ્ચેના સમયે વાવેતર કરવું.

૦૩. બાજરીના સારા ઉગાવા માટે દિવસનું તાપમાન ૨૮ ડીગ્રી થી ૩૩ ડીગ્રી અને રાત્રીનું તાપમાન ૧૦ ડીગ્રી થી ૧૫ ડીગ્રી હોવું જોઈએ.

૦૪. ઉનાળું બાજરીમાં જમીનની પ્રત મુજબ ૮ થી ૧૦ દિવસે પિયત આપવું જોઈએ.

૦૫. ઉનાળું બાજરી સામાન્ય રીતે ૮૫ થી ૯૦ દિવસે પાકી છૂટે છે.

૦૬. ઉનાળે બાજરીમાં ૧૬ ગુંઠાના વીઘા મુજબ ૨૦ મણ થી ૪૦ મણનું ઉત્પાદન લઈ શકાય છે. જેવી ખેડૂતની માવજત અને જમીનની ફળદ્રપતા મુજબ ઉતારો મળે છે.

સામાન્ય રીતે ઉનાળું કે ખરીફ બાજરીના વાવેતરમાં બનાસકાંઠા જિલ્લો અવલ્લ નંબર પર છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટા છવાયું ઉનાળું બાજરીનું વાવેતર થાય છે. દરમિયાઈ પટ્ટીમાં પણ બાજરી અર્ધ શિયાળું અને ઉનાળે પણ વવાય છે. મધ્ય ગુજરાતમાં આણંદના પેટલાદ પંથકમાં શિયાળું તમાકુનો પાક લણ્યા પછી બાજરી વવાય છે.

## ઉંચા ઝીંક અને ફેરસ તત્વ ધરાવતી બાજરીની જાતો...

**ડો. એચ. એમ. ભુવા કહે છે કે છેલ્લા બે વર્ષ દરમિયાન જામનગર બાજરા સંશોધન કેન્દ્ર પરથી એક જીએચબી-૧૧૨૯ અને બીજી જીએચબી-૧૨૩૧ નંબરની બાજરીની નવી જાતો રીલિઝ કરવામાં આવી છે. આ બંને જાતો ઉનાળું વાવેતર માટે ખાસ ભલામણ કરાઇ છે. આ બંને જાતો બાયોફોર્ટી ફાઇડ જાતોથી ઓળખાય છે. તેમાં ઝીંક અને ફેરસ તત્વનું પ્રમાણ સૌથી ઉંચી છે. અગાઉ રીલિઝ થયેલ જીએચબી-૫૩૮ અને જીએચબી-૭૩૨ નંબરની બાજરી પણ ઉનાળે વાવી શકાય છે.**

કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં કોઈ કારણોસર જોડાય ન શકો તો મો. ૭૮૭૪૮૧૨૯૧૦ ઉપર KRUSHI લખી વોટસએપ કરવો

કૃષિ પ્રભાત રોજ વહેલી સવારે તમારા મોબાઈલમાં સીધુ મેળવવા અહીં ક્લીક કરો

CLICK

# કૃષિ પ્રભાત તમને બીજા કોઈ મોકલે છે?

કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં સભ્ય બનીને દરરોજ વહેલી સવારે સીધુ તમારા મોબાઈલમાં આ ડિજીટલ અખબાર મેળવો

કૃષિ પ્રભાત
KKrushi Prabhat A-2
WhatsApp group

## વોટસએપ ગ્રૂપમાં જોડાવવા માટે અહીં ક્લીક કરો

CLICK

કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં કોઈ કારણોસર જોડાય ન શકો તો મો. ૭૫૭૩૦ ૧૨૯૧૦ ઉપર KRUSHI લખી વોટસએપ કરવો

આ પેજ ઉપર ક્લીક કર્યા બાદ તમારા મોબાઈલમાં

## મો. ૭૫૭૩૦૧૨૯૧૦ કૃષિ પ્રભાતનાં

નામે સેવ કરી લો અને દરરોજ કૃષિ પ્રભાત વોટસએપમાં મેળવતા રહો.

## કૃષિ પ્રભાતનાં ટેલિગ્રામ ગ્રૂપમાં જોડાવવા માટે અહીં ક્લીક કરો

CLICK

ટેલિગ્રામ ગ્રૂપમાં આપ જૂના કૃષિ પ્રભાત પણ વાંચી શકશો અને તમારા મોબાઈલની મેમરી જગ્યા પણ નહીં રોકે.

(જે હજારો ખેડૂતો પહેલાથી જ અમારી સાથે જોડાયેલા છે તેમને ફરીથી આ લિન્કમાં ક્લીક કરવાની જરૂર નથી.)




પુરા દશકા પહેલા એટલે કે ૩૧, જાન્યુ. ૨૦૧૩ના દિવસે ક્લિક થયેલ તસવીર અહીં પ્રગટ કરી છે. એ વર્ષ હતું દુષ્કાળનું. પોરબંદરના કુતિયાણા તાલુકાના કાંસાબડ ગામના ખેડૂત સામતભાઇ ઓડેદરાએ કહ્યું હતું કે પશુચારા જેવી જ પાણીની સ્થિતિ થઇ છે. પાછલા વર્ષોમાં પાણીની જાહોજલાલી ભોગવ્યા પછી, આજે વાડીએ ખેતીકામ માટે જવું હોય તો બળદ અને પોતાને પીવા માટે ઘરેથી પાણી લઇ જવા જેવી ગંભીર સ્થિતિનું નિર્માણ થયું છે. ખેતરેથી સાંજે ઘરે પરત ફરતાં, રસ્તામાં પાણી ભરાયેલ ખાબોચિયામાં મોઢું નાખી તરસ છીપાવતા અબોલ જીવ ફિલ્ડની રખડપટ્ટી દરમિયાન તસવીરમાં ક્લિક થયા હતા. આ તો શિયાળાના ઉતરતાં દિવસો, હજુ ઉનાળાનાં વરવા દિવસો તો બાકી હતા. **તસવીરઃ રમેશ ભોરણિયા**

# ભાલમાં બિનપિયત ચણાના વીઘે ઉતારા ઘટશે...



સૌરાષ્ટ્રના ઘેડ પંથકમાં જે રીતે બિનપિયત ચણા વવાય છે, એ રીતે મધ્ય ગુજરાતના અમદાવાદ જિલ્લાના ભાલ પ્રદેશમાં બિનપિયત ચણાનું મોટું વાવેતર થાય છે. ભાલ પંથકના ધોલેરા તાલુકાના ભડિયાદ (પીર) ગામના મહેશભાઇ કોવાડિયા (મો.૯૭૨૫૧ ૬૬૩૫૫) કહે છે કે ત્રણેક દાયકા પહેલા ચોમાસું પાકમાં દેશી કાલા કપાસ, પશુચારાની જુવાર અને બંટીનું અને શિયાળું સિઝને સૂર્યમુખી, કસુંબી, ભાલિયા ચણા અને ઘઉ જેવા પાકનું વાવેતર કરવામાં આવતું હતું. આજે ચોમાસું પાકમાં બંટી અને શિયાળું પાકના સૂર્યમુખી અને કસુંબી આઉટ થઇ ગયા છે. હવે ચોમાસે જુવાર અને દેશી કપાસ અને શિયાળે ઘઉ અને ચણા બિનપિયત પાક તરીકે લેવાય છે. નવા બિનપિયત પાકમાં ક્યાંક ધાણા પણ વવાય છે. નહેરના પાણી નજીક છે, એવા ખેડૂતો પિયત પાકમાં જીરૂના વાવેતર કરે છે. ચણાની જ વાત કરીએ તો આ વખતે વાવેતર સમયે શરૂમાં દોઢ મહિનો હવામાન ગરમ રહેવાથી ચણાના ઉતારા પર માઠી અસર પડશે. ગત વર્ષે સરેરાશ ૧૬ ગુંઠાના વીઘે

> ● ગત વર્ષે સરેરાશ ૧૬ ગુંઠાના વીઘે ૧૦ થી ૧૨ મણ ચણો પાક્યો હતો, તે આ વખતે ઘટીને વીઘે ૭ થી ૯ મણિકા પાકવાનો અંદાજ છે...

૧૦ થી ૧૨ મણ ચણો પાક્યો હતો, તે આ વખતે વીઘે ૭ થી ૯ મણિકા પાકવાનો અંદાજ છે. અત્યારે ચણા કાપણીની મોસમ પુરજોશમાં શરૂ થઇ છે. ચણા વઢાઇને ખળાવાડમાં આવવા લાગ્યા છે. એના ઉપર ટ્રેક્ટરના પગર ચલાવીને થ્રેસરમાં ગળકાવી ચણા તૈયાર થશે.

# હવામાન પલટા સાથે લસણ-ડુંગળીમાં થ્રીપ્સનો એટેક...



રમેશ ભોરણીયા
મો. ૯૯૨૫૪ ૫૪૯૯૫

● થ્રીપ્સના નિયંત્રણ માટે પ્રોફેનોફોસ + સાયપર (કોમ્બી) પ્રતિ પંપે ૩૫ મીલી.નું પ્રમાણ રાખી ૧૬ ગુંઠાના વીઘા મુજબ ૪ પંપ કરવા...



ખરીફ ડુંગળીના ઉત્પાદન અને ભાવમાં ખેડૂતોએ માર ખાધો છે. બીજી સ્ટેપ પર લેઈટ ખરીફ ડુંગળીના ઠીકઠાક ઉત્પાદન મળ્યા પણ બજારે ખેડૂતોને રાતી પાઈ કમાવાની તક નથી આપી, એ વર્તમાન સમયે આપણે જોઈ રહ્યાં છીએ. હવે, બજારમાં આવશે, આગોતરી રવી ડુંગળી. રવી ડુંગળીનું વાવેતર સરકારી આંકડા મુજબ ગત વર્ષની તુલનાએ ૨૧ ટકા અને લસણ વાવેતરમાં ૧૯ ટકાનો ઘટાડો છે. આ સરકારી આંકડા પર ખેડૂતો અને અભ્યાસું ટ્રેડર્સોને વિશ્વાસ ન હોવાનું ફિલ્ડમાંથી સંભળાય છે. એમાંય લસણ વાવેતરમાં ૧૯ ટકાથી બમણો એટલે કે ૪૦ ટકા જેવો કાપ તો હશે જ. વિતેલ શનિ-રવિ દરમિયાન રાજસ્થાન અને ગુજરાતના ઉત્તર ભાવમાં કમોસમી વરસાદ પડ્યો છે. સૌરાષ્ટ્રમાં પણ ભલે, વરસાદ ન પડ્યો પણ ઉભેલા કોઈ પાકમાં રોગ તો કોઈ પાકમાં કિટકોનો એટેક લાગું પડ્યો છે. લસણ અને ડુંગળી જેવા પાકમાં થ્રીપ્સનો ભારે એટેક થયાના રિપોર્ટ ખેડૂતો તરફથી મળી રહ્યાં છે. જો સમયસર આ નંભર થ્રીપ્સનો એટેક નિયંત્રણમાં ન લેવામાં આપે તો ઉત્પાદન પર માઠી અસર થતી હોય છે. રાજકોટ ખાતેથી એગ્રોનોમિસ્ટ પ્રદિપભાઈ કાલરિયા (મો.૯૮૭૯૪ ૫૬૦૭૬) કહે છે કે થ્રીપ્સના નિયંત્રણ માટે પ્રોફેનોફોસ + સાયપર (કોમ્બી) પ્રતિ પંપે ૩૫ મીલી.નું પ્રમાણ રાખી ૧૬ ગુંઠાના વીઘા મુજબ ૪ પંપ થાય, એ રીતે છંટકાવ કરવો. વધારે ઉપદ્રવ જણાય તો ફરી ૪ દિવસે આગળ મુજબનો બીજો છંટકાવ લેવો જોઈએ.

# હવામાન ખુલ્લું થવાની સાથે જીરામાં દવાના સ્પ્રે શરૂ...



એક તો જીરાના વાવેતરમાં ગત વર્ષની તુલનાએ કાપ મુકાયો છે, તો છેલ્લા મહિનાથી ઠંડીના સારા રાઉન્ડને કારણે જીરૂનો પાક ૬૦ થી ૭૦ દિવસને મંજિલે વનકમાં હતો. જો કે શનિ-રવિ બે દિવસ હવામાન પલટા સાથે ખાસ કરીને જીરાના ખેડૂતો માથે ચિંતાના વાદળો ઘેરાયા હતા. હવામાન બગાડની સૌથી વધું અસર જીરાના પાક માથે થતી હોય છે. એમાંય રાજસ્થાનના લગભગ જીરાના બેલ્ટ વિસ્તાર માથે કમોસમી વરસાદે કહેર થયાના રિપોર્ટ મળી રહ્યાં છે. ખેડૂતોને કાળો ચરમો બેસવાનો ધ્રાસ્કો બેસી ગયો છે. જીરૂ ઉગાડતા ખેતરોમાં પાક બચાવવા માટે મહિલાઓ પણ ખંભે દવાના પંપ લઈ સ્પ્રે કરવા લાગ્યાની તસવીર જૂનાગઢ કેશોદના કેવદ્રા ગામના કિરીટભાઈ કગથરાએ મોકલી છે. તસવીરમાં દેખાતું ૧૦ વીઘા જીરાનું વાવેતર ધરાવતાં મહેશભાઈ શાંતિલાલ ભાલોડિયા (મો.૮૫૧૧૭ ૭૧૨૨૦) કહે છે કે ઉગાવા સહિતના માત્ર ૨ પિયત આપી જીરૂને પાણી છોડી દઈએ છીએ. પાણી છૂટ્યા પછી દર ૧૦ થી ૧૨ દિવસે પાકનું નિરીક્ષણ કરી, ૧૦ વીઘાને ૨૫ પંપમાં નોર્મલ દવાનો અચૂક છંટકાવ લઈ લેવાનો. ૧૬ ગુંઠાના વીઘે ૫ મણ જીરૂ પાકે તોય ભયો ભયો.

● ઉગાવા સહિતના માત્ર ૨ પિયત આપી જીરૂને પાણી છોડી દઇએ, પાણી છૂટ્યા પછી દર ૧૦ થી ૧૨ દિવસે નોર્મલ દવાનો છંટકાવ લઇ લેવાનો...

કૃષિ પ્રભાતનાં વોટસએપ ગ્રૂપમાં કોઈ કારણોસર જોડાય ન શકો તો મો. ૭૮૭૪૮૧૨૯૧૦ ઉપર KRUSHI લખી વોટસએપ કરવો
કૃષિ પ્રભાત રોજ વહેલી સવારે તમારા મોબાઈલમાં સીધુ મેળવવા અહીં ક્લીક કરો
CLICK

# ખેડૂત બોલે ખેતરેથી...

## હાલ શિયાળે ૨ વીઘા રાયડો અને બાકી જીરૂ વાવ્યું છે, પણ છેલ્લે પાણીની ખેંચ ઉભી થઇ છે...

વિતેલ ચોમાસે જીજી ૨૦ મગફળી, ૫ વીઘામાં કપાસ અને ૨ વીઘામાં ઘર પરિવારના અન્ન માટે બાજરી, શાકભાજી અને પશુચારો વાવ્યો હતો.

**ખેડૂતઃ લાલજીભાઇ વિરજીભાઇ જમોડ, મો.૯૩૧૬૩૯૯૧૦, ગામઃ રેવાણિયા, તા. વીછિંયા, જિ. રાજકોટ.**



મારી પાસે કુલ ૧૬ વીઘા જમીન છે, જેના સિંચાઇ પાણીના સ્ત્રોતમાં ૫૦ ફૂટ ઊંડાઇનો કૂવો છે. પશુપાલનમાં ૧ ગાય, ૫ ભેંસ અને ૧ બળદ છે. ગયા વર્ષે ચોમાસે ૧૧ વીઘામાં જીજી -૨૦ મગફળી વાવી હતી, એ મગફળીમાં વીઘા ૧૫ મણનો ઉતારો મળ્યો હતો. ૩ વીઘામાં કપાસનું વાવેતર હતું. એ કપાસમાં વીઘે ૧૩ મણનો ઉતારો મળ્યો હતો. ૨ વીઘામાં બાજરી, શાકભાજી અને પશુચારાનું વાવેતર કર્યું હતું. ગાયા શિયાળે ૫ વીઘામાં ૩ નંબર ચણા વાવ્યા હતા. જેનો ઉતારો વીઘે ૧૬ મણનો મળ્યો હતો. ઉનાળે પિયત જેટલા પાણી ટકતા નથી, એટલે વાવેતરનો કોઇ સવાલ રહેતો નથી. વિતેલ ચોમાસું પાકમાં જીજી ૨૦ મગફળીનું વાવેતર કર્યું હતું. ૫ વીઘામાં કપાસ અને ૨ વીઘામાં ઘર પરિવારના અન્ન માટે બાજરી, શાકભાજી અને પશુચારો વાવ્યો હતો. વધારે પડતાં વરસાદને કારણે બધા જ પાકોમાં ઉતારા ઘટ્યા છે. હાલ શિયાળું વાવેતરમાં ૨ વીઘા રાયડો અને બાકી જીરૂ કર્યું છે. હાલ છેલ્લા પિયતોના પાણીની ખેંચ ઉભી થઇ છે.

**રિપોર્ટ સહયોગઃ રસિક જમોડ (વીંછિયા), મો.૯૭૩૭૯ ૫૯૯૮૩.**

## પ્રાકૃતિક ખેતીમાં છાંણિયું ખાતર, ગૌ-અમૃતમ બેકટેરિયા અને જીવામૃતનો ઉપયોગ કરૂ છું...

ફેસબુક અને વોટ્સેપ ગ્રૂપ દ્વારા સિંગતેલ, હળદર, મરચું પાવડર, લસણ તથા કઠોળ જેવા ઉત્પાદનનું સીધ્ધું જ ગ્રાહકોને વેચાણ કરૂ છું...

**ખેડૂતઃ રમેશભાઇ દેવશીભાઇ ખેની, મો.૯૯૦૯૪ ૭૦૨૦૩, ગામઃ પરવડી, તા. ગારિયાધાર, જિ. ભાવનગર.**



મારી પાસે કુલ ૫૦ વીઘા જમીન છે, જેના સિંચાઇ પાણીના સ્ત્રોતમાં જેમાં છેલ્લા ચાર વર્ષથી ૧૩ વીઘા જમીનમાં પ્રાકૃતિક ખેતીનો યજ્ઞ આરંભ્યો છે. ત્રીજા વર્ષનું ઓર્ગેનિક ખેતી કરૂ છું, એનું સર્ટિફિકેટ પણ મેળવ્યું છે. મારા ફાર્મનું નામ મોંઘીબા પ્રાકૃતિક ફાર્મ રાખ્યું છે. એ પ્રાકૃતિક ખેતીમાં વિતેલ ચોમાસે ૫ વીગા મગફળી, ૪ વીઘા કપાસ, ૩ વીઘા મરચીં તથા હળદરનું વાવેતર કર્યું હતું. શિયાળું પાકમાં ૨ વીઘા લસણનું વાવેતર કર્યું છે. મરચાંના પાકમાં કોઇ રસાયણોને બદલે દૂધ, ગોળ, હીંગના પાણીનું દ્રાવણ અને લીંબોળી દ્રાવણનો ઉપયોગ કર્યો છે. ખાતર તરીકે છાંણિયું ખાતર, ગૌ-અમૃતમ બેકટેરિયા અને જીવામૃતનો ઉપયોગ કરૂ છું. પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદિત બધી જ જણસીનું વેલ્યુએડિશન, ગ્રેડીંગ અને પેકીંગ કરીને ગ્રાહકોને પહોંચાડું છું. ફેસબુક ગ્રૂપ અને વોટ્સેપ ગ્રૂપ દ્વારા સિંગતેલ, હળદર પાવડ, મરચું પાવડર, લસણ તથા કઠોળ જેવા ઉત્પાદનનું સીધ્ધું જ ગ્રાહકોને વેચાણ કરૂ છું. ઝેર મુક્ત આહાર એજ મારો મંત્ર છે.

# અંતઃકરણમાંથી અમૃત વહાવતી બહેનો કૃષિક્ષેત્રમાથી દૂર થવાથી ઉત્પાદન ઘટવા લાગ્યુ અને ઝેર ઉમેરાતુ ગયુ...

● ખેડૂત પરિવારની દીકરીઓ અને પુત્રવધૂઓએ ખેતર તરફ પાછા ફરવાની જરૂર છે. પરંતુ ટેવ જતી રહી છે એટલે ફરી હાથને ખેતીકામમા લગાડતા હજુ થોડા વરસો જશે

પ્રાકૃતિક FPO



નીતુબેન પટેલ
મો.8799342099
fporachana@gmail.com
ફાઉન્ડર- સજીવન ફાઉન્ડેશન



ભારતીય ખેતી પર હજુ સુધી કોઈએ નિરાંતે અભ્યાસ કર્યો નથી. દેશમા ઘણી બધી કૃષિ યુનિવર્સિટીઓ કામ કરે છે, છતા મૂળભૂત રીતે ભારતીય કૃષિની જે પરંપરા છે અને એમા પ્રાચીન ઋષિઓ ની જે દીર્ઘદ્રષ્ટિનો સમન્વય થયેલો છે એના પર જોઈએ એવું કામ હજુ સુધી થયુ નથી. આપણે ત્યા સાંસ્કૃતિક અભ્યાસ ઘણા થાય છે, એ જ રીતે ધર્મના સંદર્ભ મા પણ અનેક આધ્યાત્મિક ચર્ચાઓ થાય છે, પરંતુ કોણ જાણે કેમ વિદ્વાનો દ્વારા કૃષિ ક્ષેત્રને સ્પર્શવાનુ કામ બાકી રહી જાય છે. એની સામે એક સ્થિતિ એવી છે કે જે લોકો પોતે કૃષિ સાથે જોડાયેલા છે એમની પાસે વાંચન અને લેખનનો સમય નથી. એટલે એમના પ્રકૃતિ સાથેના ખેતર વચ્ચેના અનુભવો આ જગત સુધી પહોંચતા નથી. સજીવન ફાઉન્ડેશન નો એક ઉપક્રમ ખેડૂતોને વાચા આપવાનો છે અને બીજો ઉપક્રમ દેશના ટોચના વિદ્વાનોને કૃષિ અભિમુખ કરવાનો છે.

વાવણી આપણે ત્યા કોઈ પણ દિવસે થાય એ દિવસ જ ગામમા બહુ મોટો તહેવાર ગણાતો. લગભગ દરેક શેરી મા દીકરીઓ અને વહુઓ નવા કપડા પહેરીને દોડધામ કરતી હોય અને ખેતર તરફ પગ ઉપાડતી હોય. આખા ગામના ઘરે લાપશીના આંધણ મેલાયા હોય અને વૃષભરાજના જોડકાને શૃંગાર કરવામા આવ્યો હોય. મોટેભાગે તો સૌરાષ્ટ્રમા ભીમ અગિયારસ ને દિવસે જ વાવણી થતી, પરંતુ ક્યારેક વરસાદ આગળ-પાછળ થઈ ગયો હોય તો મોસમ પ્રમાણે વાવણીનો દિવસ નક્કી થતો. પરંતુ જે દિવસે વાવણી હોય તે દિવસે આખા ગામના ખેડૂતો અને બિન ખેડૂતો એમ બધાના હૈયે છલોછલ ઉમંગ હોય.

આપડે ત્યા વાવણી થાય ત્યારે સફેદ કોરા કપડા પહેરીને દીકરી કે ઘરની પુત્રવધૂ વાડીએ વાવણી કરવા સાથે જતા.

ધરતી ધ્રુવ તત્ત્વ છે અને સ્ત્રી ઋણ તત્ત્વ છે. બીજભાવ થી અને વૈજ્ઞાનિક બંને રીતે પરિણામ આપે. ભારતીય સંસ્કૃતિમા બાળક માતાનુ કહેવાય છે જેમા પિતાનો અંશ હોય છે. એ રીતે પૃથ્વી પરનો કૃષિપાક ધરતીનો કહેવાય છે જેમા આકાશનો અંશ હોય છે. આ આપણી સંસ્કૃતિનુ દર્શન છે. બહેનોનો સમુદાય તબક્કાવાર કૃષિથી દૂર થવા લાગ્યો છે. જેમ જેમ મહિલાઓ દૂર થતી ગઈ એમ એમ જીવસૃષ્ટિ પ્રત્યે કૃષિકારોની દયા અને કરૂણા ઘટતી ગઈ. તે એટલી હદે કે પોતાના છાંયડા માટે પણ ખેતરમા ઝાડ અને ફળફળાદિ ના વૃક્ષો ન રહેવા દીધા. આજે ખેડૂતનો દીકરો બજાર માથી શેરડી કે બોર કે જામફળ ખરીદીને ખાય છે તે જોઈને ધરતી માતા દુ:ભાતી હશે.

મહિલાઓ કૃષિક્ષેત્ર માથી દૂર થવાથી ઉત્પાદન ઘટવા લાગ્યું અને ઝેર ઉમેરાતું ગયું. દરેક સ્ત્રી મા વાત્સલ્યની એક પ્રાકૃતિક ધારા હોય છે જે એના અંતઃકરણમાથી આખા જગત તરફ વહેતી રહે છે. ખરેખર તો એ વાત્સલ્ય જ અમૃતધારા છે. ખેડૂત પરિવારની દીકરીઓ અને પુત્રવધૂઓએ ખેતર તરફ પાછા ફરવાની જરૂર છે. પરંતુ ટેવ જતી રહી છે એટલે ફરી હાથને ખેતીકામમા લગાડતા હજુ થોડા વરસો જશે. અને આ વાતની સભાનતા ક્યારે કેળવાશે એની ધારણા કરવી મુશ્કેલ છે. કારણ કે આત્મભાન વિના આ યુ ટર્ન શક્ય નથી. વળી સાવ કોઈ દૃષ્ટાન્ત પણ ન મળે એવો બહેનોનો અભાવ હજુ નથી. હજુ આદિવાસી દંપતીઓ તો જે જે ખેતરો ભાગવા વાવવા રાખે છે ત્યા એમનુ આખુ કુટુંબ ખેતીકામે લાગે છે.

જે સ્ત્રીઓ કૃષિ સંલગ્ન રહી છે તેમનુ જીવન આરોગ્યમય અને સુંદર છે. જેમણે કૃષિ હતી અને છોડી છે તે સ્ત્રીઓ પ્રજ્ઞાપરાધને કારણે દુ:ખી છે. એનુ વર્ણન કરવુ જરૂરી નથી. ચોતરફ જોઈ શકાય છે. આદિવાસીઓ ઉપરાંત પણ સૌરાષ્ટ્રના અને દક્ષિણ ગુજરાતના ગામડાઓમા કંઈ બધી સ્ત્રીઓએ ખેતરનો કેડો પડતો મૂક્યો નથી. પરંતુ બહુધા ખેતરમાથી સ્ત્રીના કોમળ કરે થતી છોડપાનની માવજત હવે જોવા મળતી નથી. જો દરેક ખેતરમા કૃષિમાતા અને ધરતી માતા નુ સાયુજ્ય રચાય તો ભારતને ખરેખર જ વિશ્વગુરુ બનતા બહુ વાર લાગે નહિ. આજે પાકિસ્તાનની જે અવદશા છે તે જોઈને રાજી થવા જેવુ નથી. પડોશીનુ ઘર સળગે ત્યારે સાવધાન થવાનું હોય છે. પાકિસ્તાને એટલા બધા પરપીડન કૃત્યોમા ધ્યાન આપ્યુ છે કે એનાથી સ્વકલ્યાણ સાવ વીસરી જવાયું છે. આ દુનિયામા જેઓ પોતાની ધરતીને ભૂલ્યા છે તેઓ ભવાટવિમા ભૂલા પડ્યા છે.

પાકિસ્તાન ની પ્રજા ધર્માન્ધતાને કારણે સ્વકર્મથી દૂર તણાઈ ગઈ છે. ધર્મ અને કર્મની સમાંતરતા ત્યા રહી નથી. ઉત્પાદન માત્ર ધરતીમાથી આવે છે. એ સિવાયનુ બધુ જ માત્ર પ્રોસેસ હોય છે. પાકિસ્તાનની મા એટલે કે એની ધરતી એની પ્રજાથી રિસાઈ ગઈ છે. હવે ઉત્પાદનશૂન્ય કોઈ પ્રોસેસ એને બચાવી શકે એમ નથી. આપણા બાપદાદાઓ એટલે જ આપણને કહેતા હતા કે ઉગે એને કોઈ નો પૂગે. ધરતીને માતા તરીકે જોવામાં આવે તો સર્વ કૃષિકાર્ય એક ઉપાસના બની જાય. આજે ભારતીય કૃષિ ઉત્પાદનો જગતમાં ધૂમ મચાવે છે. જે ભારતે વરસો સુધી રશિયાથી ઘઉના હજારો કન્ટેનરો આયાત કરવા પડતા હતા તે ભારત પાસેથી ઘઉ ખરીદવા દેશના તમામ પડોશી ઉપરાંત દુનિયા ના અન્ય વીસ દેશો લાઈન મા ઊભા છે. સરકારે દીર્ઘદૃષ્ટિ વાપરીને વિવિધ નિકાસ પ્રતિબંધો મૂક્યા છે પરંતુ એ પ્રતિબંધો હળવા થયા પછી એનો લાભ ભારતીય કિસાનોને મળવાનો જ.

# ખેડૂત બોલે ખેતરેથી....

ખેડૂતોની લાગણી, માગણી અને કહાની લઇને કૃષિ પ્રભાત લાવી રહ્યું છે....

ખેડૂતો તેમના ખેતરમાં ઊભા રહીને ફોટો પડાવીને અમને નીચેના મોબાઇલ નંબર પર વોટ્સઅપથી મોકલી આપે...

ફોટા સાથે ખેડૂતોએ એક કાગળમાં તેમનું નામ, મોબાઇલ નંબર, ગામ, તાલુકો, જિલ્લો વિગેરે લખવું.



**દર બુધવાર અને શનિવારે મહિલા ખેડૂત બોલે ખેતરેથી પ્રસિદ્ધ**

## ...ત્યારબાદ નીચેની વિગતો લખવી

(૧) આ વર્ષે કયા પાકની વાવણી કરી, કેટલાં વીઘામાં ?

(૨) ગયા વર્ષે કયા પાકની વાવણી કરી હતી, પાક ફેરબદલ કર્યો તો શું કામ પાક ફેરવ્યો તેનું કારણ બતાવવું

(૩) તમારી કોઇ સરકાર પાસે માગ હોઇ તો જણાવવી, સરકારે ખેડૂતો માટે શું કરવું જોઇએ તે લખવું.

(૪) તમારા વિસ્તારના ધારાસભ્ય કે સાંસદસભ્ય ખેડૂતોનું કામ કરે છે કે નહીં ? ધારાસભ્ય કે સાંસદસભ્યનું નામ ખબર હોય તો લખવું.

(૫) હાલની સરકાર ખેડૂતતરફી છે કે ખેડૂતવિરોધી ?

**આટલી વિગત કોરા કાગળ પર લખીને મોબાઇલથી તેનો ફોટો પાડવો અને તમારા ફોટા સાથે આ વિગતો અમને નીચેના બે મોબાઇલ નંબર પર વોટ્સઅપમાં મોકલી આપવી.**

રમેશ ભોરણિયા : ૯૯૨૫૪ ૫૪૯૯૫
ચિરાગ ભૂવા : ૮૧૪૦૧ ૫૩૯૮૧
પાયલ પટેલ : ૯૯૭૮૪ ૧૬૬૫૪

(ફોટામાં ખેડૂતનું મોઢું ચોખ્ખું દેખાવું જોઇએ અને પાછળ ખેતરનો ભાગ આવે તેવો ફોટો લઇને મોકલવો)

**ખેડૂતોના ફોટા અને મોકલેલી વિગત કૃષિપ્રભાત દૈનિક અખબારમાં વારાફરતી છપાશે**

# બજાર ભાવ



## સૌરાષ્ટ્ર-ગુજરાતના માર્કેટીંગ યાર્ડની આવક તથા ભાવ (ભાવ ૨૦ કિલોમાં / આવક ગુણીમાં)

### મગફળી જાડી (નવી)

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| અમરેલી | ૩૮૦ | ૧૨૦૦ | ૧૪૫૪ |
| કોડીનાર | ૧૦૦ | ૧૧૫૧ | ૧૩૭૫ |
| સાવરકુંડલા | ૪૮૬ | ૧૦૬૫ | ૧૫૧૫ |
| જેતપુર | ૮૦૧ | ૯૫૧ | ૧૪૩૦ |
| પોરબંદર | ૧૩૭ | ૧૦૭૫ | ૧૪૩૦ |
| વિસાવદર | ૩૦૨ | ૯૭૫ | ૧૪૪૧ |
| મહુવા | ૩૧૭ | ૧૪૬૦ | ૧૪૬૨ |
| ગોંડલ | ૮૦૪૯ | ૮૪૦ | ૧૪૬૬ |
| કાલાવડ | ૮૬૦ | ૧૦૫૦ | ૧૪૨૫ |
| જુનાગઢ | ૮૪૯ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| જામજોધપુર | ૨૦૦૦ | ૯૦૦ | ૧૫૭૫ |
| ભાવનગર | ૮૮ | ૧૩૦૬ | ૧૪૦૦ |
| માણાવદર | ૦ | ૧૫૪૦ | ૧૫૪૧ |
| તળાજા | ૧૨૧ | ૧૨૦૦ | ૧૪૦૭ |
| હળવદ | ૧૪૧૬ | ૧૧૫૦ | ૧૪૩૬ |
| જામનગર | ૦ | ૧૦૦૦ | ૧૩૯૦ |
| ભેસાણ | ૪૬ | ૧૦૦૦ | ૧૩૦૮ |
| ખેડબ્રહ્મા | ૧૪ | ૧૧૨૦ | ૧૧૨૦ |
| દાહોદ | ૦ | ૧૨૪૦ | ૧૩૦૦ |

### મગફળી ઝીણી

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| અમરેલી | ૨૪૬ | ૧૧૨૦ | ૧૩૭૩ |
| કોડીનાર | ૧૩૦૦ | ૧૧૯૦ | ૧૫૧૮ |
| સાવરકુંડલા | ૩૨૪ | ૧૦૧૧ | ૧૩૬૪ |
| જસદણ | ૧૭૧૪ | ૧૧૫૦ | ૧૪૩૦ |
| મહુવા | ૨૧૧ | ૧૨૦૦ | ૧૪૬૯ |
| ગોંડલ | ૬૬૯૪ | ૯૫૦ | ૧૪૨૧ |
| કાલાવડ | ૧૧૬૪ | ૧૧૫૦ | ૧૩૭૦ |
| જુનાગઢ | ૨૮૬ | ૧૦૫૦ | ૧૩૭૦ |
| જામજોધપુર | ૧૦૦૦ | ૯૦૦ | ૧૩૮૦ |
| ઉપલેટા | ૨૮૬ | ૧૦૮૦ | ૧૪૦૧ |
| ધોરાજી | ૨૯ | ૯૯૧ | ૧૪૨૧ |
| વાંકાનેર | ૪૦ | ૧૨૯૫ | ૧૫૩૦ |
| જેતપુર | ૫૩૪ | ૯૩૧ | ૧૩૪૧ |
| તળાજા | ૫૨ | ૧૩૫૦ | ૧૪૮૧ |
| મોરબી | ૨૩ | ૯૬૦ | ૧૩૫૦ |
| જામનગર | ૨૧૯૯ | ૧૦૫૦ | ૧૪૬૫ |
| બાબરા | ૩૪ | ૧૧૨૫ | ૧૩૨૦ |
| બોટાદ | ૪૯ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| ધારી | ૧ | ૧૨૦૦ | ૧૨૦૧ |
| ખંભાળિયા | ૨૭૭૪ | ૯૦૦ | ૧૫૦૦ |
| લાલપુર | ૧૯ | ૧૦૦૫ | ૧૩૩૫ |
| ધ્રોલ | ૧૮૦ | ૯૪૦ | ૧૩૮૦ |
| હિંમતનગર | ૭૪૦ | ૧૨૦૦ | ૧૭૦૯ |
| મોડાસા | ૩૦ | ૧૧૦૦ | ૧૨૭૬ |
| કપડવંજ | ૦ | ૧૫૦૦ | ૧૬૦૦ |

### સીંગફાડા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| ગોંડલ | ૭૧૧ | ૯૧૧ | ૧૭૬૧ |
| જુનાગઢ | ૫ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| પોરબંદર | ૭ | ૧૪૧૫ | ૧૬૮૫ |

### સીંગદાણા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| ઉપલેટા | ૧ | ૧૫૦૦ | ૧૫૬૫ |
| જેતપુર | ૪ | ૧૪૫૦ | ૧૫૩૦ |
| જસદણ | ૧૦ | ૧૧૫૦ | ૧૬૦૦ |
| કાલાવડ | ૨૦ | ૧૩૦૦ | ૧૬૩૫ |
| અમરેલી | ૪ | ૧૨૦૦ | ૧૭૬૦ |
| વિસાવદર | ૧ | ૧૩૫૦ | ૧૬૪૬ |
| ખંભાળિયા | ૨૨ | ૧૫૨૫ | ૧૮૦૦ |

### કપાસ

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| અમરેલી | ૪૮૧૦ | ૧૩૫૫ | ૧૭૦૦ |
| સાવરકુંડલા | ૧૦૦૦ | ૧૫૮૦ | ૧૬૮૨ |
| જસદણ | ૪૫૦૦ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| બોટાદ | ૨૯૩૫૫ | ૧૬૯૦ | ૧૮૦૧ |
| મહુવા | ૩૧૩ | ૧૦૨૧ | ૧૬૪૮ |
| ગોંડલ | ૭૫૭૫ | ૧૦૦૧ | ૧૭૧૬ |
| કાલાવડ | ૮૪૬૦ | ૧૬૦૦ | ૧૭૩૦ |
| જામજોધપુર | ૧૦૫૦૦ | ૧૫૬૦ | ૧૭૪૫ |
| ભાવનગર | ૧૦૨૫ | ૧૫૬૦ | ૧૬૫૯ |
| બાબરા | ૬૦૦૦ | ૧૬૨૦ | ૧૭૪૦ |
| જેતપુર | ૫૧૭૦ | ૧૨૦૦ | ૧૭૪૧ |
| વાંકાનેર | ૩૫૦૦ | ૧૩૫૦ | ૧૬૯૦ |
| મોરબી | ૪૦૫૦ | ૧૫૮૫ | ૧૭૨૧ |
| હળવદ | ૭૨૧૪ | ૧૫૦૦ | ૧૬૭૫ |
| વિસાવદર | ૪૧૪ | ૧૬૦૫ | ૧૬૭૧ |
| તળાજા | ૪૫૪ | ૧૩૦૦ | ૧૬૭૫ |
| બગસરા | ૨૩૩ | ૧૫૫૦ | ૧૭૧૪ |
| જુનાગઢ | ૨૦૦ | ૧૩૫૦ | ૧૬૩૦ |
| ઉપલેટા | ૫૦૦૦ | ૧૫૫૦ | ૧૬૯૫ |
| માણાવદર | ૦ | ૧૫૫૦ | ૧૭૬૫ |
| ધોરાજી | ૧૬૯૦ | ૧૪૦૧ | ૧૬૮૬ |
| વિછીયા | ૨૦૦૦ | ૧૬૪૦ | ૧૭૨૦ |
| ભેંસાણ | ૫૭૦ | ૧૫૦૦ | ૧૭૨૫ |
| ધારી | ૭૧ | ૧૪૨૦ | ૧૭૦૧ |
| લાલપુર | ૨૪૦ | ૧૫૨૭ | ૧૭૦૦ |
| ખંભાળિયા | ૧૦૦૦ | ૧૫૭૫ | ૧૬૮૬ |
| ધ્રોલ | ૩૫૯૦ | ૧૪૨૫ | ૧૬૯૬ |
| પાલીતાણા | ૬૫૦ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| હારીજ | ૬૬૦ | ૧૪૫૦ | ૧૬૬૫ |
| ધનસૂરા | ૮૦૦ | ૧૫૦૦ | ૧૬૧૫ |
| વિસનગર | ૫૭૦૬ | ૧૪૦૦ | ૧૬૪ |
| વિજાપુર | ૪૭૬૪ | ૧૫૦૦ | ૧૬૮૫ |
| કુકરવાડા | ૯૪૫ | ૧૪૮૦ | ૧૬૩૫ |
| ગોજારીયા | ૨૨૫ | ૧૪૫૦ | ૧૬૪૭ |
| હિંમતનગર | ૧૬ | ૧૫૨૦ | ૧૬૯૬ |
| માણસા | ૧૦૯૦ | ૧૨૦૦ | ૧૬૬૩ |
| કડી | ૨૫૦ | ૧૪૫૦ | ૧૬૯૧ |
| મોડાસા | ૩૫ | ૧૫૦૦ | ૧૫૭૫ |
| પાટણ | ૩૬૧૫ | ૧૪૫૧ | ૧૬૫૬ |
| તલોદ | ૧૨૫ | ૧૫૭૬ | ૧૬૩૮ |
| ડોળાસા | ૯૦૦ | ૧૩૪૫ | ૧૭૦૫ |
| ટિંટોઈ | ૩૦ | ૧૫૦૧ | ૧૬૨૨ |
| દીયોદર | ૧ | ૧૫૮૦ | ૧૬૫૦ |
| બેચરાજી | ૦ | ૧૫૦૦ | ૧૬૩૧ |
| ગઢડા | ૪૨૫૦ | ૧૬૦૦ | ૧૭૧૦ |
| ઢસા | ૪૦૦ | ૧૬૦૦ | ૧૬૯૮ |
| કપડવંજ | ૦ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ધંધુકા | ૨૦૦૦ | ૧૬૦૦ | ૧૬૮૦ |
| વીરમગામ | ૮૯ | ૧૪૮૧ | ૧૬૭૮ |
| જોટાણા | ૧૫૧ | ૧૪૦૦ | ૧૬૪૦ |
| ચાણસ્મા | ૩૯૨ | ૧૩૭૯ | ૧૬૩૪ |
| ભીલડી | ૨૫ | ૧૨૯૫ | ૧૫૮૬ |
| ખેડબ્રહ્મા | ૩૫ | ૧૬૦૧ | ૧૬૭૦ |
| ઉનાવા | ૫ | ૧૪૦૧ | ૧૬૮૦ |
| લાખાણી | ૮૦ | ૧૫૫૦ | ૧૫૫૧ |
| ઈકબાલગઢ | ૮૫ | ૯૦૦ | ૧૬૫૧ |
| સતલાસણા | ૦ | ૧૫૦૦ | ૧૬૨૫ |
| આંબલિયાસણ | ૧૨૬ | ૧૪૭૧ | ૧૬૩૩ |

### એરંડા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૨૬૩ | ૧૩૦૫ | ૧૩૯૦ |
| ગોંડલ | ૧૨૧ | ૧૨૦૧ | ૧૩૯૧ |
| જુનાગઢ | ૩૦ | ૧૩૦૦ | ૧૩૬૫ |
| જામનગર | ૭૮૧ | ૧૩૦૦ | ૧૩૭૫ |
| જામજોધપુર | ૩૩૦ | ૧૩૩૦ | ૧૩૯૬ |
| જેતપુર | ૧૨૫ | ૧૨૮૦ | ૧૩૭૬ |
| ઉપલેટા | ૧૨૫ | ૧૩૭૦ | ૧૩૮૯ |
| વિસાવદર | ૩૫ | ૧૨૧૫ | ૧૩૬૧ |
| ધોરાજી | ૧૧ | ૧૩૦૦ | ૧૩૬૬ |
| અમરેલી | ૬ | ૧૧૦૦ | ૧૩૬૨ |
| હળવદ | ૧૬૩૪ | ૧૩૭૦ | ૧૪૧૫ |
| જસદણ | ૪ | ૧૧૦૦ | ૧૩૨૫ |
| બોટાદ | ૩ | ૯૭૦ | ૧૩૩૬ |
| વાંકાનેર | ૯૪ | ૧૩૩૦ | ૧૩૬૬ |
| મોરબી | ૮૮ | ૧૩૩૦ | ૧૩૭૦ |
| ભચાઉ | ૮૨૫ | ૧૩૮૦ | ૧૪૦૫ |
| ભુજ | ૦ | ૧૩૬૫ | ૧૪૦૦ |
| લાલપુર | ૫૫ | ૧૩૧૧ | ૧૩૨૧ |
| ધ્રોલ | ૧ | ૧૧૦૦ | ૧૩૨૦ |
| માંડલ | ૭૫ | ૧૩૮૧ | ૧૩૯૨ |
| ડિસા | ૩૩૧ | ૧૩૯૫ | ૧૪૧૩ |
| પાટણ | ૧૬૯૪ | ૧૩૫૦ | ૧૪૧૬ |
| ધાનેરા | ૨૫૨ | ૧૪૦૬ | ૧૪૧૫ |
| મહેસાણા | ૧૪૪ | ૧૩૮૦ | ૧૪૧૦ |
| વિજાપુર | ૯૨ | ૧૩૯૯ | ૧૪૨૩ |
| હારીજ | ૪૫૦ | ૧૩૯૫ | ૧૪૦૬ |
| માણસા | ૩૨૫ | ૧૩૭૦ | ૧૪૨૪ |
| ગોજારીયા | ૬ | ૧૩૮૦ | ૧૩૮૧ |
| કડી | ૨૫૫૦ | ૧૩૯૦ | ૧૪૨૦ |
| વિસનગર | ૬૬૭ | ૧૩૭૫ | ૧૪૨૭ |
| પાલનપુર | ૭૨૪ | ૧૩૮૬ | ૧૪૧૪ |
| તલોદ | ૨૨૩ | ૧૩૯૦ | ૧૪૧૩ |
| દહેગામ | ૧૩ | ૧૩૮૫ | ૧૩૯૩ |
| ભીલડી | ૧૫ | ૧૩૯૦ | ૧૪૦૦ |
| દીયોદર | ૫૬ | ૧૪૧૦ | ૧૪૧૪ |
| કલોલ | ૧૮૦ | ૧૩૮૯ | ૧૪૧૩ |
| હિંમતનગર | ૨૦ | ૧૩૦૦ | ૧૪૦૫ |
| કુકરવાડા | ૬૦ | ૧૩૬૦ | ૧૪૦૦ |
| ધનસૂરા | ૧૦ | ૧૩૬૦ | ૧૩૮૦ |
| ઈડર | ૧ | ૧૩૮૦ | ૧૪૦૦ |
| પાથાવાડ | ૦ | ૧૩૮૬ | ૧૪૧૦ |
| બેચરાજી | ૦ | ૧૩૯૫ | ૧૪૦૦ |
| વડગામ | ૦ | ૧૪૦૮ | ૧૪૧૦ |
| ખેડબ્રહ્મા | ૨ | ૧૩૮૦ | ૧૪૦૦ |
| કપડવંજ | ૦ | ૧૩૫૦ | ૧૩૭૦ |
| વીરમગામ | ૧૯૬ | ૧૩૯૧ | ૧૪૦૪ |
| થરાદ | ૦ | ૧૩૮૫ | ૧૪૧૫ |
| રાસળ | ૦ | ૧૩૯૦ | ૧૪૦૦ |
| બાવળા | ૫૦ | ૧૪૦૮ | ૧૪૧૧ |
| રાધનપુર | ૬૦૦ | ૧૩૯૫ | ૧૪૦૫ |
| આંબલિયાસણ | ૬૬ | ૧૩૮૦ | ૧૩૮૫ |
| સતલાસણા | ૦ | ૧૩૬૦ | ૧૩૭૦ |
| ઈકબાલગઢ | ૧૦ | ૧૩૮૦ | ૧૩૯૦ |
| ઉનાવા | ૧૫ | ૧૩૮૦ | ૧૩૮૫ |
| લાખાણી | ૨૭૮ | ૧૩૮૦ | ૧૪૧૧ |
| પ્રાંતિજ | ૦ | ૧૩૬૦ | ૧૪૧૦ |
| સમી | ૬૦ | ૧૩૯૫ | ૧૪૦૫ |
| વારાહી | ૦ | ૧૩૯૫ | ૧૪૧૪ |
| જોટાણા | ૧૮૪ | ૧૩૯૩ | ૧૪૦૧ |
| ચાણસ્મા | ૧૮ | ૧૩૬૦ | ૧૩૯૮ |
| દાહોદ | ૦ | ૧૨૮૦ | ૧૩૦૦ |

### તલ સફેદ

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૨૧૪ | ૨૮૦૦ | ૩૭૦૦ |
| ગોંડલ | ૭૦ | ૧૯૫૧ | ૩૫૩૧ |
| અમરેલી | ૨૭ | ૧૭૦૦ | ૩૭૬૦ |
| બોટાદ | ૯ | ૨૧૦૦ | ૩૫૪૦ |
| જામનગર | ૧૫૩ | ૨૭૭૫ | ૩૪૦૦ |
| ભાવનગર | ૩ | ૩૧૮૦ | ૩૪૮૫ |
| જામજોધપુર | ૪ | ૩૦૦૦ | ૩૫૭૦ |
| વાંકાનેર | ૧ | ૩૪૩૦ | ૩૪૩૧ |
| જેતપુર | ૩ | ૩૦૦૦ | ૩૪૮૧ |
| જસદણ | ૧૦ | ૧૫૫૦ | ૩૪૦૦ |
| વિસાવદર | ૨ | ૩૨૪૫ | ૩૪૮૧ |
| મહુવા | ૮ | ૩૦૦૦ | ૩૪૪૨ |
| જુનાગઢ | ૧૪ | ૨૪૦૦ | ૩૫૩૫ |
| મોરબી | ૩ | ૩૪૦૦ | ૩૪૦૧ |
| માણાવદર | ૦ | ૨૮૦૦ | ૩૨૦૦ |
| કોડીનાર | ૧૦ | ૨૬૫૦ | ૩૫૦૫ |
| ધોરાજી | ૩ | ૨૯૧૧ | ૩૩૦૧ |
| પોરબંદર | ૧ | ૩૦૪૦ | ૩૦૪૧ |
| હળવદ | ૪૬ | ૨૮૫૦ | ૩૫૯૨ |
| ઉપલેટા | ૧ | ૩૨૦૦ | ૩૨૫૦ |
| ભેંસાણ | ૨ | ૩૦૦૦ | ૩૨૬૦ |
| ભચાઉ | ૯ | ૨૬૫૦ | ૨૬૮૮ |
| જામખભાળિયા | ૪ | ૩૦૦૦ | ૩૪૦૦ |
| ધ્રોલ | ૧ | ૩૦૦૦ | ૩૪૪૦ |
| ભુજ | ૦ | ૨૭૦૦ | ૩૫૭૫ |
| લાલપુર | ૪ | ૩૦૦૦ | ૩૧૭૫ |
| હારીજ | ૪ | ૨૨૫૦ | ૨૫૮૦ |
| ઉંઝા | ૦ | ૨૭૨૧ | ૩૦૨૫ |
| ધાનેરા | ૩ | ૨૯૪૭ | ૨૯૮૧ |
| વિસનગર | ૧ | ૨૫૦૦ | ૨૫૦૧ |
| પાટણ | ૪ | ૨૪૦૦ | ૩૦૦૧ |
| કપડવંજ | ૦ | ૨૨૦૦ | ૨૭૦૦ |
| લાખાણી | ૧ | ૨૫૫૦ | ૨૫૫૧ |
| દાહોદ | ૦ | ૨૨૦૦ | ૨૫૦૦ |

### તલ કાળા

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૧૨૧ | ૨૪૬૦ | ૨૮૨૪ |
| અમરેલી | ૧૨૪ | ૨૧૨૦ | ૨૮૬૨ |
| સાવરકુંડલા | ૧૫ | ૨૩૦૦ | ૨૬૫૦ |
| બોટાદ | ૩૧ | ૨૧૮૫ | ૨૯૦૦ |
| જુનાગઢ | ૨૩ | ૨૨૦૦ | ૨૭૨૭ |
| ધોરાજી | ૨ | ૨૨૧૬ | ૨૭૦૧ |
| જામજોધપુર | ૧ | ૧૭૨૦ | ૨૨૮૦ |
| મહુવા | ૪ | ૨૫૨૬ | ૨૫૨૭ |
| બાબરા | ૩ | ૨૮૦૦ | ૩૧૦૦ |

### રાયડો

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૪૧૨ | ૮૮૦ | ૧૦૫૦ |
| ગોંડલ | ૮ | ૮૭૧ | ૯૨૧ |
| જામનગર | ૪૬૮ | ૭૦૦ | ૧૦૭૦ |
| જામજોધપુર | ૨૭ | ૮૪૫ | ૧૦૩૫ |
| અમરેલી | ૨ | ૯૧૫ | ૯૧૬ |
| હળવદ | ૨૯૧ | ૮૫૦ | ૧૦૧૫ |
| ભુજ | ૦ | ૧૦૨૫ | ૧૦૮૭ |
| પાટણ | ૯૦૪ | ૮૧૧ | ૧૧૪૦ |
| ઉંઝા | ૦ | ૯૨૧ | ૧૦૪૦ |
| ડિસા | ૯૧૫ | ૯૦૦ | ૧૧૩૫ |
| મહેસાણા | ૨૮૮ | ૬૦૦ | ૧૦૮૧ |
| વિસનગર | ૮૩૧ | ૭૫૦ | ૧૧૪૧ |
| ધાનેરા | ૨૮૨ | ૯૬૫ | ૧૧૧૯ |
| હારીજ | ૭૦ | ૮૦૦ | ૧૦૧૧ |
| ભીલડી | ૧૩૬ | ૮૭૮ | ૧૦૩૬ |
| દીયોદર | ૩૬ | ૯૧૧ | ૧૦૭૫ |
| દહેગામ | ૧૩ | ૯૫૦ | ૯૮૭ |
| કલોલ | ૪૦ | ૯૦૦ | ૧૦૬૬ |
| પાલનપુર | ૧૪૧૬ | ૯૦૧ | ૧૧૪૧ |
| કડી | ૧૬૪ | ૯૦૦ | ૧૦૭૪ |
| માણસા | ૧૧૪ | ૭૭૯ | ૧૧૦ |
| કુકરવાડા | ૧૦૮ | ૮૫૦ | ૧૦૫૦ |
| ગોજારીયા | ૨૪ | ૯૬૦ | ૧૦૪૦ |
| મોડાસા | ૧૨૨ | ૮૦૦ | ૧૦૦૦ |
| વિજાપુર | ૮૦ | ૮૫૦ | ૧૦૪૬ |
| રાધનપુર | ૮ | ૯૦૦ | ૯૭૧ |
| તલોદ | ૧૫ | ૯૬૦ | ૯૮૦ |
| પાથાવાડ | ૦ | ૯૩૦ | ૧૦૯૨ |
| બેચરાજી | ૦ | ૮૬૧ | ૯૦૪ |
| થરાદ | ૦ | ૧૦૬૦ | ૧૧૫૪ |
| વડગામ | ૦ | ૮૪૫ | ૧૦૦૦ |
| રાસળ | ૦ | ૧૦૩૦ | ૧૧૦૧ |
| બાવળા | ૫ | ૯૧૮ | ૯૭૩ |
| વીરમગામ | ૩ | ૧૦૧૨ | ૧૦૪૪ |
| આંબલિયાસણ | ૨૦ | ૭૮૧ | ૮૬૦ |
| લાખાણી | ૧૮૯ | ૧૦૧૦ | ૧૦૯૭ |
| ચાણસ્મા | ૧૫ | ૭૧૦ | ૧૦૪૯ |
| ઈકબાલગઢ | ૩૧૨ | ૮૭૫ | ૧૦૭૧ |

### રાય

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૨૦૦ | ૯૩૦ | ૧૧૧૦ |
| જસદણ | ૧૫ | ૮૫૦ | ૧૦૨૦ |
| કોડીનાર | ૨૦ | ૯૫૦ | ૧૦૩૪ |
| પોરબંદર | ૧ | ૧૦૦૦ | ૧૦૦૧ |
| સાવરકુંડલા | ૫ | ૯૨૦ | ૧૦૦૦ |
| વાંકાનેર | ૬૫ | ૮૪૫ | ૧૦૨૧ |

### સોયાબીન

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૨૫૦ | ૧૦૩૦ | ૧૦૬૦ |
| વિસાવદર | ૧૧૬ | ૮૮૫ | ૧૦૩૧ |
| ગોંડલ | ૨૫૨ | ૧૦૦૧ | ૧૦૫૧ |
| જસદણ | ૫૦ | ૧૦૦૦ | ૧૦૬૫ |
| જામજોધપુર | ૮૦ | ૧૦૦૦ | ૧૦૪૬ |
| સાવરકુંડલા | ૨૭૦ | ૧૦૦૦ | ૧૦૫૦ |
| જેતપુર | ૭૯ | ૧૦૦૧ | ૧૦૫૧ |
| કોડીનાર | ૧૫૦ | ૧૦૩૦ | ૧૦૮૮ |
| જામનગર | ૧૨૦ | ૯૧૨ | ૧૦૨૯ |
| ધોરાજી | ૫૯ | ૧૦૧૧ | ૧૦૩૬ |
| જુનાગઢ | ૫૦૦ | ૯૯૦ | ૧૦૬૮ |
| અમરેલી | ૬૫ | ૯૨૨ | ૧૦૬૨ |
| ભેંસાણ | ૨૭ | ૧૦૦૦ | ૧૦૩૦ |
| વેરાવળ | ૦ | ૧૦૦૧ | ૧૦૫૧ |
| વાંકાનેર | ૧ | ૯૮૭ | ૯૮૮ |
| મહુવા | ૩૬ | ૯૨૦ | ૧૦૫૮ |
| ઈડર | ૩ | ૧૦૦૧ | ૧૦૬૪ |
| મોડાસા | ૧૫૫ | ૯૫૦ | ૧૦૬૩ |
| દાહોદ | ૦ | ૧૦૬૫ | ૧૦૮૫ |
| ધનસુરા | ૩ | ૧૦૦૦ | ૧૦૩૦ |
| હિંમતનગર | ૪૭ | ૧૦૦૦ | ૧૦૩૮ |

### ઘઉં લોકવન

| સેન્ટર | આવક | નીચા ભાવ | ઉંચા ભાવ |
|---|---|---|---|
| રાજકોટ | ૧૫૦ | ૫૦૩ | ૫૬૨ |
| ગોંડલ | ૪૦ | ૫૧૬ | ૫૭૬ |
| અમરેલી | ૩ | ૪૭૭ | ૪૯૧ |
| જામનગર | ૧૨૧ | ૫૧૮ | ૫૭૧ |
| સાવરકુંડલા | ૨૦ | ૫૦૦ | ૫૪૦ |
| જેતપુર | ૪૨ | ૫૨૧ | ૫૭૦ |
| જસદણ | ૩૦ | ૪૮૦ | ૫૫૦ |
| બોટાદ | ૩૭ | ૪૦૦ | ૬૪૨ |
| પોરબંદર | ૧ | ૪૫૦ | ૪૬૦ |
| વિસાવદર | ૫૬૨ | ૪૮૦ | ૫૮૮ |
| મહુવા | ૧૦૧ | ૪૯૪ | ૬૬૦ |
| વાંકાનેર | ૪૦ | ૫૪૦ | ૫૭૩ |
| જુનાગઢ | ૨૦૦ | ૫૦૦ | ૫૫૮ |
| જામજોધપુર | ૧૩ | ૪૮૦ | ૫૫૦ |
| ભાવનગર | ૧૬ | ૫૧૮ | ૫૧૯ |
| મોરબી | ૩૦ | ૫૧૭ | ૬૦૯ |
| જામખંભાળિયા | ૧૦ | ૪૪૦ | ૫૨૪ |
| પાલીતાણા | ૬૪ | ૪૮૦ | ૬૩૦ |
| હળવદ | ૫૭ | ૫૨૦ | ૬૦૦ |
| ઉપલેટા | ૧૦ | ૫૩૦ | ૫૮૦ |
| ધોરાજી | ૩ | ૪૪૧ | ૫૫૧ |
| કોડીનાર | ૪૯ | ૫૩૨ | ૬૨૩ |
| ધારી | ૫ | ૪૮૦ | ૫૫૧ |
| ભેંસાણ | ૨૭ | ૫૦૦ | ૫૫૦ |
| લાલપુર | ૫ | ૫૭૨ | ૫૭૮ |
| ધ્રોલ | ૧૨ | ૫૩૬ | ૬૧૦ |
| ઈડર | ૫૧ | ૫૧૦ | ૬૧૬ |
| પાટણ | ૧૩૨ | ૫૫૦ | ૬૮૦ |
| હારીજ | ૨૫ | ૫૩૫ | ૫૪૦ |
| ડિસા | ૧૦ | ૫૪૦ | ૫૪૧ |
| વિસનગર | ૨૦૭ | ૫૪૦ | ૬૪૦ |
| રાધનપુર | ૧૨ | ૫૦૦ | ૬૬૧ |
| માણસા | ૩૦ | ૫૧૦ | ૬૨૦ |
| મોડાસા | ૧૩ | ૪૮૦ | ૬૩૯ |
| કડી | ૯૬ | ૫૧૩ | ૬૧૩ |
| પાલનપુર | ૭ | ૫૮૪ | ૬૦૫ |

## ગુજરાતમાં જણસીનાં કામકાજ (ગુણીમાં)

| જણસી | ગઈકાલ | આજ | જણસી | ગઈકાલ | આજ | જણસી | ગઈકાલ | આજ |
|---|---|---|---|---|---|---|---|---|
| મગફળી જાડી | ૧૭૯૫૪ | ૧૫૯૬૫ | મકાઇ | ૭૪ | ૩૬૪ | મેથી | ૫૪૦ | ૫૦૪ |
| મગફળી ઝીણી | ૧૮૩૯૬ | ૧૯૯૨૮ | ડાંગર | ૭૩૨ | ૨૦૪૫ | સુવા | ૨ | ૬ |
| સીંગફાડા | ૧૦ | ૭૨૩ | જવ | ૦ | ૦ | રાજગરો | ૧૭૮ | ૧૯૦ |
| સીંગદાણા | ૫૭ | ૬૨ | રજકા બી | ૯ | ૧ | અજમો | ૧૫૬૪ | ૧૫૧૯ |
| કપાસ | ૧૧૯૪૯૩ | ૧૩૬૩૮૩ | ચણા | ૪૦૯૫ | ૩૫૪૯ | હળદર | ૦ | ૦ |
| એરંડા | ૧૪૩૩૬ | ૧૩૮૯૭ | તુવેર | ૮૨૯૬ | ૭૦૯૫ | મરચાં | ૧૧૯૭ | ૬૫૮ |
| તલ સફેદ | ૧૦૬૮ | ૬૧૭ | અડદ | ૩૧૫ | ૧૩૦ | ડુંગળી લાલ | ૨૦૧૮૬૭ | ૨૫૮૨૯૬ |
| તલ કાળા | ૫૩૩ | ૩૨૪ | મગ | ૨૫૯ | ૨૬૬ | ડુંગળી સફેદ | ૪૯૪૭૯ | ૩૬૩૧૪ |
| રાયડો | ૬૮૭૯ | ૭૩૧૮ | મઠ | ૧૭૧ | ૨૫૧ | બટાટા | ૨૪૪૩ | ૩૦૩૦ |
| રાય | ૪૨૯ | ૩૦૬ | ચોળી | ૩૬ | ૧૦૯ | ગવાર | ૭૦૮ | ૭૩૫ |
| સોયાબીન | ૨૮૧૬ | ૨૨૬૩ | વાલ | ૭૨ | ૧૦૭ | તમાકુ | ૦ | ૦ |
| ઘઉ લોકવન | ૨૭૬૯ | ૨૬૨૮ | જીરુ | ૬૮૩ | ૮૯૫ | કલકતી તમાકુ | ૦ | ૦ |
| ઘઉ ટુકડા | ૧૮૩૪ | ૨૧૪૪ | ધાણા | ૩૫૭૨ | ૩૦૯૦ | દેશી તમાકુ | ૦ | ૦ |
| બાજરી | ૧૫૩૮ | ૧૦૧૦ | ઇસબગુલ | ૫ | ૦ | બન્ટી | ૬ | ૩ |
| જુવાર | ૫૫૭ | ૪૩૮ | વરીયાળી | ૩ | ૩ | લસણ | ૭૬૫૦ | ૧૬૬૧૨ |
| **ગુજરાતમાં જણસીના કુલ કામકાજ** | | | | | | | **૪૭૨૬૨૪** | **૫૩૯૭૭૭** |

# સૌરાષ્ટ્ર-ગુજરાતના માર્કેટીંગ યાર્ડની આવક તથા ભાવ (ભાવ ૨૦ કિલોમાં / આવક ગુણીમાં)

| | | | |
|---|---|---|---|
| મહેસાણા | ૫ | ૫૧૦ | ૫૮૦ |
| ખંભાત | ૪૫ | ૫૦૦ | ૬૧૦ |
| હિંમતનગર | ૧૫૦ | ૫૦૦ | ૫૮૦ |
| વિજાપુર | ૬ | ૫૮૫ | ૬૨૧ |
| કુકરવાડા | ૯ | ૫૫૧ | ૬૨૦ |
| ધનસૂરા | ૩ | ૫૦૦ | ૫૬૦ |
| ટિંટોઇ | ૧૦ | ૫૧૦ | ૫૫૪ |
| તલોદ | ૧૦૨ | ૫૦૦ | ૬૨૨ |
| દીયોદર | ૧ | ૫૦૦ | ૬૧૦ |
| કલોલ | ૩૦ | ૫૦૫ | ૫૨૦ |
| બેચરાજી | ૦ | ૫૪૦ | ૫૬૩ |
| વડગામ | ૦ | ૬૦૦ | ૬૦૧ |
| ખેડબ્રહ્મા | ૨૦ | ૫૪૦ | ૬૦૧ |
| સાણંદ | ૦ | ૫૬૦૦ | ૬૨૩ |
| કપડવંજ | ૦ | ૫૦૦ | ૫૩૦ |
| વીરમગામ | ૭ | ૫૧૧ | ૬૦૦ |
| આંબલિયાસણ | ૨ | ૬૩૦ | ૬૩૧ |
| સતલાસણા | ૦ | ૫૪૦ | ૬૧૪ |
| પ્રાંતિજ | ૦ | ૫૦૦ | ૫૬૫ |
| સલાલ | ૦ | ૪૭૦ | ૫૩૦ |
| જોટાણા | ૫ | ૪૦૧ | ૪૦૨ |
| ચાણસ્મા | ૨ | ૫૫૦ | ૫૫૧ |
| દાહોદ | ૦ | ૫૩૫ | ૫૫૫ |

### ઘઉં ટુકડા

| | | | |
|---|---|---|---|
| રાજકોટ | ૫૫૦ | ૫૧૯ | ૬૦૦ |
| અમરેલી | ૫૭ | ૫૦૦ | ૬૨૬ |
| જેતપુર | ૧૮ | ૫૩૫ | ૫૭૫ |
| મહુવા | ૪૩ | ૪૯૪ | ૬૬૦ |
| ગોંડલ | ૫૫૫ | ૫૧૨ | ૫૯૨ |
